| | |
|---|---|
| રજુ તારીખ | ૨૯/૧૦/૨૦૨૫ |
| દાખલ થયા તા. | ૨૯/૧૦/૨૦૨૫ |
| ફેસલ કર્યા તા. | ૦૧/૦૪/૨૦૨૬ |
| સમય મર્યાદા | વર્ષ–માસ– દિવસ |
| | ૦૦ – ૦૫ – ૦૩ |

| | |
|---|---|
| **મહુધાનાં મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**<br>**મુકામ–મહુધા, જી.ખેડા**<br>જજમેન્ટની તારી: ૦૧/૦૪/૨૦૨૬<br>**ફોજદારી કેસ નં. ૭૮૭/૨૦૨૫**<br>**આંક–**<br>મહુધા પો.સ્ટે. ગુ.ર.નુ. ગુ.ર.નં. ૧૧૨૦૪૦૩૯૨૫૦૪૦૭/૨૦૨૫<br>**ગુન્હો:– બી.એન.એસ.કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા**<br>**એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબ** | |
| ફરીયાદી અથવા ફરીયાદી નામ | ધી સ્ટેટ |
| ફરીયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી એચ.ડી.વાઘેલા |
| આરોપી | **સુનીલકુમાર શંકરભાઇ તળપદા, ઉ.વ.૩૨,**<br>રહે. કઠલાલ, ઇન્દીરા નગર, તળાવ ફળીયુ,<br>તા.કઠલાલ, જી.ખેડા |
| આરોપી પક્ષ તરફે | વિ.વ.શ્રી એચ.સી.ધારીયા |

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૦૭/૦૭/૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૦૭/૦૭/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૨૯/૧૦/૨૦૨૫ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | ૧૯/૦૧/૨૦૨૬ |

| | |
|---|---|
| પુરાનો નોંધવાનુ શરૂ કર્યા તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ | ૦૧/૦૪/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | ૦૧/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | – |

આરોપીઓની વિગત

| ક્રમ | આરોપીનુ નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયા ગુન્હા હેઠળ ચાર્ઝફ્રેમ થયેલ છે. | શું દોષી/ નિર્દોષ | સજા ની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુનીલકુમાર શંકરભાઇ તળપદા | – | – | બી.એન.એસ.કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબ | નિર્દોષ | – | – |

**<u>ફરીયાદ પક્ષનો પુરાવાની વિગત</u>**

| **ક્રમ** | **સાક્ષીઓના નામ** | **પુરાવાનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| ૧ | આરઝુબાનુ મુસ્તકીમમીયા ચૌહાણની જુબાની | ફરીયાદી | ૦૮ |
| ૨ | રૂમાનમીયા મુસ્તકીમમીયા ચૌહાણની જુબાની | બાળ સાહેદ | ૧૦ |
| ૩ | અરસાનમીયા મુસ્તકીમમીયા ચૌહાણની જુબાની | બાળ સાહેદ | ૧૧ |

**<u>ફરીયાદ પક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવાની વિગત.....</u>**

| ક્રમ | દસ્તાવેજનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૯ |
| ૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૨ |
| ૩ | ગુનામાં સંડોવાયેલ વાહનનનુ પંચનામુ | ૧૩ |
| ૪ | મેડીકલ સર્ટીફીકેટ | ૧૪ થી ૧૬ |

**-: જજમેન્ટ :-**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી તા.૦૭/૦૭/૨૦૨૫ ના રોજ ક.૧૧/૦૦ વાગ્યે મોજે મહુધા થી કઠલાલ જતા હાઇવે રોડ ઉપર ફીણાવ ભાગોળ ખ્રીસ્તીવાસ સામે પોતાની સી.એન.જી. રીક્ષા નં. જી.જે. ૦૭ ટી.વી.૫૮૦૦ પુરઝડપે બેફીકરાઈ અને ગફલતભરી રીતે ચલાવી રોડ ઉપર જતા કુતરા સાથે અથડાવી સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી એકદમ બ્રેક મારતા રીક્ષા બેકાબુ કરી રોડની સાઈડમાં પલટી મરાવી રીક્ષાની પાછળના ભાગે બેઠેલ ફરીયાદીના ડાબા હાથના બાવડા ઉપર તથા કોણીના ભાગે સામાન્ય ઈજા કરી તથા તેઓના દીકરા રૂમાનમીયા ઉ.વ.૧૧ વર્ષ નાઓને કપાળના ભાગે તથા ડાબા પગ ઉપર ઈજા કરી તથા ડાબા પગની જાંગ ઉપર ફ્રેકચર કરી તથા બીજા નાના દીકરા અરસાનમીયા ઉ.વ.૦૯ ના ડાબા હાથના અંગુઠા ઉપર ઈજા ફ્રેકચર કરી બી.એન.એસ.કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કરતા આ કામના ફરીયાદીએ મહુધા પો.સ્ટે.માં ફરીયાદ નોંધાવતા તે આધારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ ફાઇલ કરવામાં આવેલ છે.

(૨) ત્યાર બાદ આ કામના આરોપીને સમન્સ કાઢતા આ કામે આરોપી હાજર થતાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ -૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપી, આરોપી સામે આંક-૦૩ થી તહોમતનામુ ફરમાવી, આંક-૦૪ થી આરોપીની પ્લી નોંધવામાં આવતા આરોપીએ

ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરતા અને કેસ આગળ ચલાવાવનુ જણાવતાં ફરીયાદ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ત્યાર બાદ ફરીયાદ પક્ષ તરફે મહત્વાના સાક્ષી તપાસ્યા બાદ અન્ય વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય ફરીયાદ પક્ષે આંક–૧૭ થી કલોઝીંગ પુરશીસ રજુ કરી ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાનુ જાહેર કરવામાં આવેલ. ત્યાર બાદ સદર કામ આરોપીનુ બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવાનું સ્ટેજ હોય પરંતુ ફરીયાદપક્ષે વિશેષ નિવેદન લેવા યોગ્ય પુરાવો ન હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.. ત્યાર બાદ બંને પક્ષો તરફે વિ.વ.શ્રીઓની વિગતવાર મૌખીક દલીલો તથા રજુઆતો સાંભળી

(૪) ત્યાર બાદ બંને પક્ષો તરફે વિ.વ.શ્રીઓની વિગતવાર મૌખીક દલીલો તથા રજુઆતો સાંભળી, આ કામમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ મુકેલ ગુનાનુ તહોમત નિશંકપણે પુરવાર કરેલ છે, ફરીયાદી તેમજ ઈજા પામનાર સાહેદે ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ છે. જેથી આરોપીની બેદરકારી પુરવાર થયા છે જેથી આરોપીને તકસીરવાન ઠેરવી આરોપીને મહતમ સજા કરવાની વિનંતી કરેલ છે.

જયારે બચાવ પક્ષે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, ફરીયાદ પક્ષે આરોપી સામે મુકેલ તહોમત અનુરૂપ ફરીયાદ હકીકતને નિંશકપણે પુરવાર કરેલ નથી, આરોપીના વાહનની ઝડપ બાબતે કોઈ ચોકકસ પુરાવો આપેલ નથી. આરોપી વિરુધ્ધ કોઈ નિષ્પક્ષ સાક્ષીની જુબાની ન હોય આરોપી વિરુધ્ધ તહોમત મુજબનો ગુનો પુરવાર થતો નથી જેથી આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) ઉપરોકત હકીકતોના ન્યાયીક નિર્ણય અર્થે આ અદાલત

સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલ છે.

−:મુદ્ધાઓ:−

(અ) શુ ફરીયાદ પક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે, આ કામે આરોપીએ તા.૦૭/૦૭/૨૦૨૫ ના રોજ ક.૧૧/૦૦ વાગ્યે મોજે મહુધા થી કઠલાલ જતા હાઇવે રોડ ઉપર ફીણાવ ભાગોળ ખ્રીસ્તીવાસ સામે પોતાની સી.એન.જી. રીક્ષા નં. જી.જે. ૦૭ ટી.વી.૫૮૦૦ પુરઝડપે બેફીકરાઇ અને ગફલતભરી રીતે ચલાવી રોડ ઉપ્ર જતા કુતરા સાથે અથડાવી સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી એકદમ બ્રેક મારતા રીક્ષા બેકાબુ કરી રોડની સાઇડમાં પલટી મરાવી રીક્ષાની પાછળના ભાગે બેઠેલ ફરીયાદીના ડાબા હાથના બાવડા ઉપર તથા કોણીના ભાગે સામાન્ય ઇજા કરી તથા તેઓના દીકરા રૂમાનમીયા ઉ.વ.૧૧ વર્ષ નાઓને કપાળના ભાગે તથા ડાબા પગ ઉપર ઇજા કરી તથા ડાબા પગની જાંગ ઉપર ફ્રેકચર કરી તથા બીજા નાના દીકરા અરસાનમીયા ઉ.વ.૦૯ ના ડાબા હાથના અંગુઠા ઉપર ઇજા ફ્રેકચર કરી બી.એન.એસ.કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ−૧૭૭, ૧૮૪ મુજબ શીક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(બ) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદાઓ પરત્વે આ અદાલતનાં નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

**(અ) નકારમાં**

**(બ) આખરી હુકમ મુજબ.**

**−: કારણો:−**

**(૭)** આ કામે ફરીયાદ પક્ષે સૌ પ્રથમ ફરીયાદી આરજુબાનુ મુસ્તકીમમીયા

ચૌહાણને આંક–૦૮ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે જેમાં તેમણે જણાવેલ છે કે, તા:–૦૭/૦૭/૨૫ ના રોજ હુ બલોલ ગામે જવા માટે મારા બે દીકરા રૂમાનમીયા તથા અરસાનમીયાને લઈને એક સી.એન.જી. રીક્ષા જેનો નં. જી.જે. ૭ ટીવી ૫૮૦૦ માં લઈને રીક્ષામાં બેસેલી આશરે ૧૧ વાગ્યે મહુધા ફીણાવ ભાગોળથી આગળ ખ્રિસ્તીવાસના ગરનાળા નજીક એક કુતરુ આવી જતા રીક્ષા કુતરા પર ચઢી જઇ રોડ ઉપર પલટી ખાઇ ગયેલ જેમાં અમોને ઈજાઓ થયેલી. મને ડાબા હાથના બાવડા ઉપર તથા કોણીના ભાગે તથા મારા દીકરા રૂમાનને કપાળ ઉપર માથાના ભાગે તથા ડાબા હાથ પગ ઉપર તથા જમણા પગે કમરના ભાગે ઈજા થયેલી તથા મારા દીકરા અરસાનમીયાને ડાબા હાથની આગળીઓ પર ઈજા થયેલી તથા અમારી સાથે પેસેન્જરમાં કોઈ બહેન હતા તેમને પણ વાગેલ જેમને હુ ઓળખતી નથી. આ બનાવ બાદ મને તથા મારા બંન્ને દીકરાઓને સારવાર વામાટે પ્રથમ વેદ હોસ્પી.માં ત્યાંથી વધુ સારવાર માટે આશીર્વાદ હોસ્પી.માં લઈ ગયેલા જયાં બનાવ અંગેની ફરીયાદ આપેલી. ફરીયાદ બતાવતા તેમાં સહી ઓળખી બતાવેલ છે. જે આંક–૦૯ થી રજુ છે. એ સિવાય બીજા કાંઇ કહેવુ નથી. આરોપી નામ. કોર્ટમાં હાજર છે.

સદરહું ફરીયાદી સાહેદ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપતા ન હોય તેઓને એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી સાહેદને ફરી ગયેલા જાહેર કરી સૂચક પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ. જે અનુસંધાને ફરીયાદ પક્ષ દ્ધારા સદર સાહેદને સૂચક પ્રશ્નો પુછવામાં આવેલ છતાં પણ ફરીયાદપક્ષની હકકીતને સમર્થન કરેલ નથી.

સદરહુ ફરીયાદીની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટ તપાસ જોઈએ તો તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે રોડ ઉપર અચાનક કુતરુ આવી ગયેલ., એ વાત ખરી નથી કે આરોપીની બેદકારીના કારણે અકસ્માત થયેલો.

(૮) ત્યાર બાદ આ કામે ફરીયાદ પક્ષે બાળ સાહેદ રૂમાનમીયા મુસ્તકીમમીયા ચૌહાણને આંક–૧૦ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે

જેમાં તેમણે જણાવેલ છે કે, તા.૦૭/૦૭/૨૫ ના રોજ હુ મારી માતા સાથે બલોલ ગામે જવા માટે મારા ભાઈ અરસાનમીયા સાથે એક સી.એન.જી. રીક્ષા જેનો નં. જી.જે. ૭ ટીવી ૫૮૦૦ માં લઇને રીક્ષામાં જવા નીકળેલા આશરે ૧૧ વાગ્યે મહુધા ફીણાવ ભાગોળથી આગળ ખ્રીસ્તીવાસના ગરનાળા નજીક એક કુતરુ આવી જતા રીક્ષા કુતરા પર ચઢી જઇ રોડ ઉપર પલ્ટી ખાઇ ગયેલ જેમાં મારી મમ્મીને તથા અમોને ઈજાઓ થયેલી. મારી માતાને ડાબા હાથના બાવડા ઉપ્ર તથા કોણીના ભાગે તથા મને કપાળ ઉપર માથાના ભાગે તથા ડાબા હાથ પગ ઉપર તથા જમણા પગે કમરના ભાગે ઈજા થયેલી તથા મારા ભાઈ અરસાનમીયાને ડાબા હાથની આગળીઓ પર ઈજા થયેલી તથા અમારી સાથે પેસેન્જરમાં કોઈ બહેન હતા તેમને પણ વાગેલ જેમને હુ ઓળખતો નથી. આ બનાવ બાદ અમો તમામને સારવાર માટે પ્રથમ વેદ હોસ્પી.માં ત્યાથી વધુ સારવાર માટે આશીર્વાદ હોસ્પી.માં લઇ ગયેલા જયાં બનાવ અંગેની ફરીયાદ મારી માતાએ આપેલી. આરોપી નામ. કોર્ટમાં હાજર છે તે જ છે.

સદરહુ સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ જોઈએ તો તેમાં તેઓએ જણાવેલ છે કે, <u>એ વાત ખરી છે કે રોડ ઉપર અચાનક કુતરુ આવી ગયેલ. એ વાત ખરી નથી કે આરોપીની બેદકારીના કારણે અકસ્માત થયેલો. એ વાત ખરી છે કે રીક્ષા સામાન્ય ગતીએ જતી હતી.</u>

(૯) ત્યાર બાદ આ કામે ફરીયાદ પક્ષે બાળ સાહેદ અરસાનમીયા મુસ્તકીમમીયા ચૌહાણને આંક-૧૧ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે જેમાં તેમણે જણાવેલ છે કે, તા.૦૭/૦૭/૨૫ ના રોજ હુ મારી માતા સાથે બલોલ ગામે જવા માટે મારા ભાઈ રૂમાનમીયા સાથે એક સી.એન.જી. રીક્ષા જેનો નં. જી.જે. ૭ ટીવી ૫૮૦૦ માં લઇને રીક્ષામાં જવા નીકળેલા આશરે ૧૧ વાગ્યે મહુધા ફીણાવ ભાગોળથી આગળ ખ્રીસ્તીવાસના ગરનાળા નજીક એક કુતરુ આવી જતા રીક્ષા કુતરા પર ચઢી જઇ રોડ ઉપર પલ્ટી ખાઇ ગયેલ જેમાં મારી મમ્મીને તથા અમોને ઈજાઓ થયેલી. મારી માતાને ડાબા હાથના

બાવડા ઉપ્ર તથા કોણીના ભાગે તથા મારા ભાઈ રૂમાનમીયાને કપાળ ઉપર માથાના ભાગે તથા ડાબા હાથ પગ ઉપર તથા જમણા પગે કમરના ભાગે ઈજા થયેલી તથા મને ડાબા હાથની આગળીઓ પર ઈજા થયેલી તથા અમારી સાથે પેસેન્જરમાં કોઈ બહેન હતા તેમને પણ વાગેલ જેમને હુ ઓળખતો નથી. આ બનાવ બાદ અમો તમામને સારવાર માટે પ્રથમ વેદ હોસ્પી.માં ત્યાથી વધુ સારવાર માટે આશીર્વાદ હોસ્પી.માં લઈ ગયેલા જયાં બનાવ અંગેની ફરીયાદ મારી માતાએ આપેલી. આરોપી નામ. કોર્ટમાં હાજર છે તે જ છે.

સદરહુ સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ જોઈએ તો તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે રોડ ઉપર અચાનક કુતરુ આવી ગયેલ. એ વાત ખરી નથી કે આરોપીની બેદકારીના કારણે અકસ્માત થયેલો. એ વાત ખરી છે કે રીક્ષા સામાન્ય ગતીએ જતી હતી.

(૧૦) આમ, આ કામે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદ પક્ષે તપાસેલ ફરીયાદી તથા સાહેદના પુરાવાથી એ હકીકતને સંપુર્ણ સમર્થન મળે છે કે, બનાવની તારીખે અકસ્માતનો બનાવ બનેલ હતો તેમજ સદરહુ અકસ્માતના બનવાના કારણે ફરીયાદી તથા સાહેદ રૂમાનમીયા, તથા અરસાનમીયાને ઈજા પહોચેલ હતી. આ કામે ફરીયાદીની જુબાની જોવામાં આવે તો તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા:-૦૭/૦૭/૨૫ ના રોજ હુ બલોલ ગામે જવા માટે મારા બે દીકરા રૂમાનમીયા તથા અરસાનમીયાને લઈને એક સી.એન.જી. રીક્ષા જેનો નં. જી.જે. ૭ ટીવી ૫૮૦૦ માં લઈને રીક્ષામાં બેસેલી આશરે ૧૧ વાગ્યે મહુધા ફીણાવ ભાગોળથી આગળ ખ્રિસ્તીવાસના ગરનાળા નજીક એક કુતરુ આવી જતા રીક્ષા કુતરા પર ચઢી જઈ રોડ ઉપર પલટી ખાઈ ગયેલ જેમાં અમોને ઈજાઓ થયેલી. મને ડાબા હાથના બાવડા ઉપર તથા કોણીના ભાગે તથા મારા દીકરા રૂમાનને કપાળ ઉપર માથાના ભાગે તથા ડાબા હાથ પગ ઉપર તથા જમણા પગે કમરના ભાગે ઈજા થયેલી તથા મારા દીકરા અરસાનમીયાને ડાબા

હાથની આગળીઓ પર ઈજા થયેલી તથા અમારી સાથે પેસેન્જરમાં કોઇ બહેન હતા તેમને પણ વાગેલ જેમને હુ ઓળખતી નથી. આ બનાવ બાદ મને તથા મારા બંન્ને દીકરાઓને સારવાર વામાટે પ્રથમ વેદ હોસ્પી.માં ત્યાંથી વધુ સારવાર માટે આશીર્વાદ હોસ્પી.માં લઇ ગયેલા જયાં બનાવ અંગેની ફરીયાદ આપેલી તેમ જણાવેલ છે. આમ તેમની સરતપાસમાં એક કુતરુ આવી જતા રીક્ષા કુતરા પર ચઢી જઇ રોડ ઉપર પલટી ખાઇ ગયેલ તેમ જણાવેલ છે. તેમજ આરોપીની બેદરકારી, પુરઝડપને કારણે સદર બનાવ બનેલ હોય તેવુ જણાઇ આવતુ નથી. તેમજ ફરીયાદી તેઓની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, રોડ ઉપર અચાનક કુતરુ આવી ગયેલ, તેમજ જણાવે એ વાત ખરી નથી કે આરોપીની બેદકારીના કારણે અકસ્માત થયેલો. આમ ઉલટ તપાસમાં તેઓ સ્પષ્ટ જણાવે છે કે તેઓનો અકસ્માતનો બનાવ આરોપીની બેદકારીથી બનેલ નથી.  તેમજ આ કામે અન્ય ઈજા પામનાર બાળ સાહેદ રૂમાનમીયા, અરસાનમીયાનાઓની જુબાની જોવામાં આવે તો તેઓને પણ તેમની સરતપાસમાં ફરીયાદીએ જણાવ્યા મુજબની હકીકત જણાવેલ છે. આમ અકસ્માત થયાનુ જણાવે છે પરંતુ તેઓ તેમની સરતપાસમાં સદર અકસ્માત આરોપીની બેદરકારી કે પુરઝડપને કારણે વાહન ચલાવવાથી બનેલ હોય તેવુ જણાઇ આવતુ નથી. તેમજ તેઓએ પણ તેમની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે  રોડ ઉપર અચાનક કુતરુ આવી ગયેલ, રીક્ષા સામાન્ય ગતીએ જતી હતી. આમ તેઓની ઉલટ તપાસમાં તેઓ સ્પષ્ટ જણાવે છે કે આ અકસ્માતનો બનાવ આરોપીની બેદરકારી, પુરઝપડને કારણે બનેલ નહી. પરંતુ અચાનક કુતરુ આડે આવી જવાને કારણે બનેલ. આમ ફરીયાદ પક્ષે રજુ ઉપરોકત સાહેદોની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો. કોઈ પણ સાહેદે પોતાની જુબાનીમાં અકસ્માત સદર કામના આરોપી વાહન ચાલકની બેદકારી, કે પુરઝડપને કારણે બનેલ હોય તે બાબતે લેશમાત્ર પુરાવો રજુ રાખેલ નથી. આમ ફરીયાદ પક્ષે રજુ સાહેદોની જુબાનીમાં કયાંય પણ એવો સબળ માની શકાય તેવો પુરાવો રજુ થયેલ નથી કે,  આરોપીએ તેની સી.એન.જી. રીક્ષા નં. જી.જે. ૦૭ ટી.વી.૫૮૦૦ પુરઝડપે બેફીકરાઇ અને ગફલતભરી રીતે ચલાવી રોડ ઉપર

જતા કુતરા સાથે અથડાવી સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી એકદમ બ્રેક મારતા રીક્ષા બેકાબુ કરી રોડની સાઇડમાં પલટી મરાવી રીક્ષાની પાછળના ભાગે બેઠેલ ફરીયાદીના ડાબા હાથના બાવડા ઉપર તથા કોણીના ભાગે સામાન્ય ઈજા કરી તથા તેઓના દીકરા રૂમાનમીયા ઉ.વ.૧૧ વર્ષ નાઓને કપાળના ભાગે તથા ડાબા પગ ઉપર ઈજા કરી તથા ડાબા પગની જાંગ ઉપર ફ્રેકચર કરી તથા બીજા નાના દીકરા અરસાનમીયા ઉ.વ.૦૯ ના ડાબા હાથના અંગુઠા ઉપર ઈજા ફ્રેકચર કરેલ હોય. આમ ફરીયાદી તથા સાહેદોનો સોગંદ પરનો પુરાવો મહત્વનો પુરાવો ગણી શકાય આમ તમામ પુરાવા તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ શંકા રહીત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલાનું જણાય છે. વધુમાં ફોજદારી ન્યાયશાસ્ત્રનો એ સિધ્ધાંત છે કે, ફોજદારી કામમાં આરોપીએ પોતાની નિર્દોષતા સાબીત કરવાની હોતી નથી પરંતુ ફરીયાદીએ પોતાના કેસની હકીકતો શંકાથી પર રીતે સાબીત કરવાની હોય છે જે ફરીયાદપક્ષ દ્વારા લેશમાત્ર સાબિત કરવામાં આવી નથી. ત્યારે આરોપી વિરુધ્ધનો કેસ ફરીયાદપક્ષ શંકાથી પર રીતે સાબીત કરતા ન હોય આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

વધુમાં આ કામે આંક–૧૨ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, આંક–૧૩ થી ગુનામાં સંડોવાયેલ વાહનનુ પંચનામુ, તથા આંક–૧૪ થી ૧૬ સુધી મેડીકલ સર્ટીફીકેટ રજુ રાખવામાં આવેલ છે. જેનાથી સદરહુ અકસ્માત વાળો બનાવ બનેલ હોય અને ફરીયાદી, તથા સાહેદ રૂમાનમીયા, અરસાનમીયાને ઈજા થયેલ હોય તેવુ જણાય આવે છે પરંતુ હાલના આરોપીએ બનાવ તારીખે, સમને અને સ્થળે સદર બેદરકારી અને ગફલતભરી રીતે વાહન હંકારી ગુનાહિત કૃત્ય કરેલ હોય તેવો સબળ, આધારભુત અને વિશ્વસનીય પુરાવો ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ નથી. આમ ફરીયાદપક્ષે રજુ સમગ્ર પુરાવો વંચાણે લેતા આરોપી સામેના આક્ષેપિત ગુનાના તત્વો નિ:શંકપણે સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ નથી.

આ કામે આરોપી સામે એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો પણ નોંધાયેલ છે. પરંતુ સદર કલમ–૧૮૪ અન્વયે એમ.વી.એકટ કલમ ૨૦૯ દોષિત ઠરાવવા ઉપર નિયંત્રણની આદેશાત્મક

જોગવાઇનુ જયારે પાલન થયેલ હોય ત્યારે જ કલમ–૧૮૪ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. હાલના કેસમાં કલમ–૨૦૯ ની આદેશાત્મક જોગવાઇનું પાલન થયેલ ન હોય જેથી સદર કલમનો લાભ આરોપીને મળવાપાત્ર હોય આરોપીને સદર કલમ–૧૮૪ મુજબના ગુનામાં પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૧)** આમ, ફરીયાદી પક્ષના કેસ મુજબ આરોપીએ તેના ઉપર બચાવ પુરવાર કરવાનો જે બોજો રહેલો છે, તેના માટે પોતાનો પુરાવો રજુ કરવો જરૂરી નથી, પરંતુ જે ફરીયાદપક્ષે રેકર્ડ પર પુરાવો રજુ કરેલો હોય તેનાથી પણ પુરવાર કરી શકે અને સ્ટાન્ડર્ડ ઓફ પ્રુફ ફોજદારી કેસમાં જે ફરીયાદી પર હોય છે, તેટલુ આરોપી ઉપર ન હોય, કારણ કે, ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકા રહીત સાબીત કરવાનો હોય છે ત્યારે આરોપીએ ફકત શંભવિતતાની માત્રા દર્શાવવાની હોય છે. આમ ઉપરોકત ચર્ચા મુજબ જોઇએ તો આરોપી પક્ષે ફરીયાદીના રજુ પુરાવામાં માની શકાય તેવી શંભવિત શંકા ઉપ્તન્ન કરેલ હોય ત્યારે પુરાવાનો ભાર ફરીયાદ પક્ષ પર ખસી જાય છે, અને તે મુજબ ફરીયાદપક્ષે સબળ પુરાવાઓથી પોતાનો કેસ પુરવાર કરવાનો રહે છે પરંતુ ફરીયાદ પક્ષ તેવો કોઇ સબળ પુરાવો રજુ કરવામાં ઉપર કરેલ ચર્ચા મુજબ સફર રહેલા નથી. જેથી **મુદ્દા નં. ૧** નો જવાબ '**નકાર**' માં આપી **મુદ્દા નં. ૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આ ખ રી હુ ક મ :–**

(૧) આ કામના આરોપી **સુનીલકુમાર શંકરભાઇ તળપદા,** રહે. કઠલાલ, ઈન્દીરા નગર, તળાવ ફળીયુ, તા.કઠલાલ, જી.ખેડાનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૧(૧) અન્વયે તેઓની સામેના બી.એન.એસ. કલમ– ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ મુજબના શિક્ષા પાત્ર ગુનામાંથી વ્યાજબી શંકાનો

લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ અગાઉ રજુ કરેલ જામીન બી.એન.એસ.એસ. કલમ ૪૮૧ મુજબના અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦૧ મી, માહે– એપ્રિલ, સને –૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૧/૦૪/૨૦૨૬
મહુધા

(કિશનકુમાર આર.મૌર્ય)
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુડી.મેજી.ફસ્ટ કલાસ, મહુધા
(જીજે ૦૧૭૨૩)